**વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત**

**બાલિકા પંચાયત અંતર્ગત પોર્ટલ ડેવલપ કરવા બાબત**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2025/1314/A

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૯/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક **wcdww/0345/11/2025**

**પ્રસ્તાવના:**

બાલિકા પંચાયતની બાલિકાઓ દ્વારા જ પોતાના ગામની દીકરીઓ/ મહિલાઓને મુંઝવતા પ્રશ્નો અંગે તેઓના દ્વારા સરકારશ્રીની યોજનાઓ/કાયદાઓ/ કાર્યક્રમો વગેરે સાથે અસરકારક સંકલન કરી જરૂરિયાતમંદ લોકોને તમામ લાભો મળે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી બાલિકા પંચાયત એ બેટી બચાઓ બેટી પઢાઓ (૧૦૦% કેન્દ્ર) યોજના અંતર્ગતની એક પહેલ છે, જેમાં બાલિકા પંચાયતની કિશોરીઓ (ઉંમર ૧૧-૨૧ વર્ષ)ને સામાજિક, શૈક્ષણિક, નેતૃત્વ-ક્ષમતાઓ વિકસાવવા માટે એક પ્લેટફોર્મ પુરું પાડવું, પંચાયતી સ્તરે, ગામ/તાલુકા જિલ્લા સ્તરે કિશોરીઓ દ્વારા કિશોરીઓ માટે ચર્ચા, કામગીરી, ઉપાય તરીકે નિર્ધારિત મંચ બનાવવો, વર્તમાન યોજનાઓ, સેવાઓ, તેમજ ડેટા-સંશોધન માટે ડિજિટલ એક્સેસ સુનિશ્ચિત કરવો, મોનિટરિંગ, રિપોર્ટિંગ ડેટા એકત્ર કરવાનો અને નિર્ણય-મેકિંગ માટે યુઝફુલ ઇનપુટ આપવા વગેરે જેવા મુદ્દાઓ પરત્વે કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

ગ્રામ્યકક્ષાએ બાલિકાઓ દ્વારા કરવામાં આવતી આ કામગીરીનું જિલ્લા અને રાજ્યકક્ષાએથી મોનિટરીંગ કરી શકાય તે હેતુથી પોર્ટલની આવશ્યકતા હોઇ, બાલિકા પંચાયત પોર્ટલ ડેવલોપ કરવા બાબતે નિયામક કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક(૧) હેઠળના પત્રથી રૂ.૦.૦૮ કરોડની નવી બાબતની દરખાસ્ત કરેલ હતી.જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

બાલિકા પંચાયત અંતર્ગત પોર્ટલ ડેવલોપ કરવા માટેની રૂ.૦.૦૮ કરોડની અનાવર્તક જોગવાઇ ધરાવતી નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

(૫) ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

(૬) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૭) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૮) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૯) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

(૧૧) જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૩) પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૯) આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી નિયામકશ્રી(મ.ક), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

(૨૦) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે.જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

(૨૧) આ અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ પછીથી કરવાનો રહેશે.

(૨૨) આ અંગેનો ખર્ચ માંગણી નંબર : ૧૦૬, મુખ્ય સદર : ૪૨૩૫, મુખ્ય પેટા સદર : ૦૨, ગૌણ સદર : ૮૦૦, પેટા સદર : ૦૧ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વિભાગના સચિવશ્રીની તા.૦૫/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ફાલ્ગુની મોડિયા)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ(સ્વ.હ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Falguni Modiya
Section Officer
Women and Child Development
Department
Date : 2026.05.06 12:03:39 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ (બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Falguni Modiya
Section Officer
Women and Child Development Department
Date : 2026.05.06 12:03:39 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign